*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 68

# મુદ્રા વિનિમય દર




**ચર્ચામાં શા માટે ?**

**મદ્રા વિનિમય દર વિશે :**

**વિનિમયદર, ફુગાવો અને માપદંડો વિશે :-**


**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)



કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ

YouTube
ICE RAJKOT
SUBSCRIBE

**અમારી સાથે જોડાયેલા રહો :**

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- છેલ્લા કેટલાક મહિનાઓમા COVID-19 મહામારીના ફેલવાના કારણે ભારતીય અર્થવ્યવસ્થાના વિવિધ પાસાઓને પ્રતિકુળ અસર થઈ છે. આવી સ્થિતિમાં નીતિ નિર્માતાઓએ આ અસરનો સાચો અને તુલ્નાત્મક અંદાજ બનાવવો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.
- આ સંદર્ભે ભારતીય અર્થવ્યવસ્થાની સ્થિતિનો અંદાજ લગાવવા માટે રૂપિયાના વિનિમય દરને એક માપદંડ તરીકે જોઈ શકાય છે.

## મદ્રા વિનિમય દર વિશે :

- મુદ્રા (ચલણ) વિનિમય દર (Currency Exchange Rate) સ્થાનિક ચલણના રૂપમાં વિદેશી ચલણના એકમની કિમતનો સંદર્ભ આપે છે.
- ઉદાહરણ તરીકે જો આપણે એક ડોલર મેળવવા માટે 50 રૂપિયા ચૂકવવા પડે તો વિનિમય દર 50 રૂપિયા પ્રતિ ડોલર હશે.
- નોંધનીય છે કે મુદ્રા વિનિમય દર ઘણીવાર આંતરરાષ્ટ્રીય સ્તરે ખરીદવાની અને વેચવાની ક્ષમતા નક્કી કરે છે.
- કોઈપણ ચલણનો વિનિમય દર તેની માંગ અને સપ્લાયની ક્રિયા પ્રતિક્રિયા દ્વારા નક્કી કરવામાં આવે છે.
- ઉદાહરણ તરીકે, જો વધુને વધુ ભારતીયો અમેરિકન સામાન ખરીદવા માંગતા હોય તો રૂપિયાની તુલનામાં યુ.એસ. ડોલરની માંગ વધારે હશે. જે અસર યુ.એસ. ડોલરને રૂપિયા કરતા વધુ મજબૂત બનાવશે.
- તેનાથી વિપરિત, જો ભારતીય રૂપિયાની માંગ વધશે તો ભારતીય રૂપિયો યુ.એસ. ડોલર કરતાં વધુ મજબૂત થશે.
- નોંધનીય છે કે, કોઈ સમયે દેશની સેન્ટ્રલ બેંક વિનિમય દરમાં વધુ પડતા વધઘટને ઘટાડવા માટે દખલ કરે છે. પરંતુ આર્થિક વિશ્વમાં કેન્દ્ર બેંક અથવા સરકારની અતિશય દખલને યોગ્ય માનવામાં આવતી નથી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સામાન્ય રીતે મજબૂત અર્થવ્યવસ્થાઓનું ચલણ પણ ખૂબ મજબૂત હોય છે. ઉદાહરણ તરીકે અમેરિકન અર્થવ્યવસ્થા ભારતીય અર્થવ્યવસ્થા કરતા ઘણી મજબૂત છે. જેની અસર ભારતીય રૂપિયા પર પડે છે. તાજેતરના આંકડા પ્રમાણે એક યુ.એસ. ડોલર આશરે 76 રૂપિયા છે.

## વિનિમયદર, ફુગાવો અને માપદંડો વિશે :-

- ભારતીય રિઝર્વ બેંક (Reserve Bank of India-RBI) 36 વ્યાપારિક ભાગીદાર દેશોની ચલણના સંબંધમાં રૂપિયાના 'નોમિનલ ઈફેક્ટિવ એક્સચેન્જ રેટ (Nominal Effective Exchange Rate-NEER)ને ટેબ્યુલેટ (સારણીબદ્ધ) કરે છે.
- આ એક પ્રકારનું વજન સૂચકાંક છે (Weighted Index) એટલે કે તે દેશો ને વધુ મહત્ત્વ આપવામાં આવે છે કે જેમની સાથે ભારત વધુ વ્યાપાર કરે છે.
- આ સૂચકાંકમાં થયેલા ઘટાડાથી રૂપિયાના મૂલ્યમાં અવમૂલ્યન સૂચવાય છે, જ્યારે સૂચકાંકમાં થયેલા વધારાથી રૂપિયાના મૂલ્યમાં અભિમૂલ્યન (Appreciation) જોવા મળે છે.
- RBI દ્વારા જાહેર કરાયેલ NEER મુજબ, તાજેતરના સમયમાં રૂપિયો 2018 પછીના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે.
- NEER સિવાય ભારતીય અર્થવ્યવસ્થામાં પરિવર્તન માટે 'રિયલ ઈફેક્ટિવ એક્સચેન્જ રેટ (Real Effective Exchange Rate-REER) એ પણ એક મહત્ત્વપૂર્ણ માપદંડ છે.
- કોઈપણ દેશના વિનિમય દરને વ્યાજ દર અને રાજકીય સ્થિરતા જેવા અન્ય ઘણા પરિબળો અસર કરે છે. આ પરિબળો પૈકી સૌથી મહત્ત્વનું પરિબળ ફુગાવો છે.
- ઉદાહરણ તરીકે ધારોકે પ્રથમ વર્ષમાં રૂપિયાનું વિનિમય દર 1 રૂપિયા પ્રતિ ડોલર છે. આમ આપણે 100 રૂપિયામાં 100 યુ.એસ. ડોલર મેળવી શકીએ છીએ.
- પરંતુ જો ભારતીય અર્થવ્યવસ્થામાં આવતા વર્ષે ફુગાવો 20 ટકા છે અને અમેરિકન અર્થવ્યવસ્થામાં ફુગાવો શૂન્ય છે તો પછીના વર્ષમાં 100 યુ.એસ. ડોલર મેળવવા માટે આપણે 120 રૂપિયાની જરૂર પડશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT